જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૦/૨૦૨૦ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૭૫/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૪ | ૧ | ૧૦૬૭૫ | ૧૬૮૦૪ | ૧ | ૧૬૮૦૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૦ | ૦ | ૫૮૬૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૦૨૬ | ૨૭ | ૧૫૦૫૩ | ૧૫૮૩૯ | 30 | ૧૫૮૬૯ |
| | કુલ | ૩૦૦૯૪ | ૨૮ | ૩૦૧૨૨ | ૩૮૭૨૨ | ૩૧ | ૩૮૭૫૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૮ | ૧૨,૮૯,૪૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૦૬ | ૧૫,૦૬,૦૦૦/- |

# આર્મ્સ એક્ટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશન :

## દેશી બનાવટના તમંચા સાથે આરોપીને ઝડપી લેતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા ઇન્ચાર્જ મદદનીશ પો.કમિ.શ્રી “ કે ” ડીવીઝન સાહેબનાઓ દ્વારા ગેરકાયદેસર હથિયારના ગુન્હાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી એમ.એમ.લાલીવાલા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આઇ.એ.ધાસુરા પો.સબ.ઇન્સ.તથા સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ. ભરતભાઇ ધુળાભાઇ બ.નં.૩૩૧૮ તથા અ.હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા અ.હેડ.કોન્સ. જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા અ.હેડ.કોન્સ. વિજયસિહ રજુજી બ.નં.૯૦૩૬ તથા પો.કો. એજાઝહુસેન સાબીરભાઇ બ.નં.૬૪૮ તથા પો.કો. ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ તથા પો.કો.રફીક યુનુસભાઇ બ.નં.૪૪૯૮ તથા પો.કો. કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં.૧૩૯૪ તથા પો.કો.ખુમાનસિહ બળદેવસિહ બ.નં.૭૨૮૮ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના અ.હેડ.કોન્સ.ભરતભાઇ ધુળાભાઇ તથા પો.કો.રફીક યુનુસભાઇ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી રફીયુદીન ઉર્ફે રફીક ઉર્ફે દેશી સ/ઓ શાહબુદીન શેખ ઉ.વ.૩૪ રહે : ઠાકોરવાસ સીમા રો હાઉસની સામે બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર નાઓ વગર પાસ પરમીટનો ગે.કા.દેશી બનાવટનો તમંચો નંગ-૧ કિ,રૂ,૧૦,૦૦૦/ ની મતાનો મુદામાલ નહિ પકડાયેલ આરોપી ટીપુ સુલતાન ઉર્ફે માયા ઉર્ફે મામા મનસુરી નાઓ પાસેથી ખરીદ કરી પોતાના કબજામાં રાખી લઇ મળી આવતા સદરી આરોપી પાસેથી મળી આવેલ દેશી બનાવટનો તમંચો તપાસ અર્થે કબજે કરી દાણીલીમડા પોલીસ સ્ટેશન બી પાર્ટ નં.૧૧૧૯૧૦૧૨૨૦૧૨૩૩/૨૦૨૦ ધી આર્મ્સ એકટ કલમ-૨૫(૧-બી), એ,તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબનો ગુન્હો શોધી કાઢેલ છે.

(૧) આરોપી રફીયુદીન ઉર્ફે રફીક ઉર્ફે દેશી સ/ઓ શાહબુદીન શેખ નો ગુનાહિત ઇતિહાસ :-

- (૧) આનંદનગર પો.સ્ટે.પ્રોહિ.ગુ,ર.નં.૫૦૨૮/૧૩ પ્રોહિ.કલમ-૬૬(બી),૬૫(ઇ) વિગેરે મુજબ
- (૨) વટવા પો.સ્ટે.પ્રોહિ.ગુ,ર.નં.૫૦૨૬/૧૪ પ્રોહિ.કલમ-૬૬(બી),૬૫(ઇ),૮૧ વિગેરે મુજબ

(૨) પકડવાના બાકી આરોપી ટીપુ સુલતાન ઉર્ફે માયા ઉર્ફે મામા મનસુરીનો ગુનાહિત ઇતિહાસ :-

- (૧) દાણીલીમડા પો.સ્ટે.ફ.ગુ.ર.૨૭૧/૧૩ ધી આર્મ્સ એકટ કલમ-૨૫(૧-બી),એ મુજબ
- (૨) દાણીલીમડા પો.સ્ટે.ફ.ગુ.ર.૨૫૫/૧૩ ધી ઇ.પી.કો.કલમ-૩૨૫,૩૨૪,૨૯૪(ખ),૧૧૪
- (૩) ઉતરપ્રદેશ કોલનોજ ગંજ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૪૦/૧૬ ધી NDPSએકટ કલમ-૮,૧૮,૨૦
- (૪) ઉતરપ્રદેશ કોતવાલી ગંગાઘાટ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૮૮/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ-૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૩૦૨, ૩૪ મુજબ

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :**

## સોલા-03, બોપલ -01 મળી કુલ 04 વાહનચોરીના ગુના ડિટેકટ કરવામાં આવ્યા

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો. રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ મીલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તેમન વાહન ચોરીના ગુનાઓ સોધી કાઢવા કરેલ સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સીધા સુપરવિઝન હેઠળ સર્વેલન્સ પો.સ.ઇ જે.જે.રાણા તથા બનાવેલ ટીમને વાહન ચોરીના બનેલ ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોડના અ.લોકરક્ષક રઘુવિરભાઇ જગુભાઇ તથા અ.લોકરક્ષક પ્રકુલભાઇ છેલાભાઇ નાઓની સંયુક્ત બાતમી આધારે નીચે જણાવેલ આરોપી તથા કાયદાના સંઘર્ષમા આવેલ બાળકિશોરને પોકેટ કોપની મદદથી મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

### આરોપી:-

વિરેન્દ્રસિંહ સ/ઓ ભરતસિંહ હરીસિંહ દયા (રાજપૂત) ઉવ.૧૮ રહે.૧૬, વૃંદાવન પાર્ક સોસાયટી, ચાંદલોડીયા, અમદાવાદ અને કાયદાના સંઘર્ષમા આવેલ બાળકિશોર ઉ.વ.૧૭ વર્ષ ૭ માસ

### મુદામાલ રિકવર:-

એક્ટીવા નંગ-૩ તથા મો.સા. નંગ-૧ મળી કુલ વાહન નંગ-૪ કિ.રૂ.૧,૩૫,૦૦૦/-

### શોધાયેલ ગુનાઓ:-

(૧) સોલા પો.સ્ટે. પાર્ટ-એ-૧૧૧૯૧૦૪૫૨૦૧૯૩૭ ઇપીકો કલમ ૩૭૯
(૨) સોલા પો.સ્ટે. પાર્ટ-એ-૧૧૧૯૧૦૪૫૨૦૧૯૪૨ ઇપીકો કલમ ૩૭૯
(૩) સોલા પો.સ્ટે. પાર્ટ-એ-૧૧૧૯૧૦૪૫૨૦૧૯૪૪ ઇપીકો કલમ ૩૭૯
(૪) બોપલ પો.સ્ટે. પાર્ટ-એ-૧૧૧૯૨૦૧૧૨૦૦૮૭૪ ઇપીકો કલમ ૩૭૯

## આરોપી તથા કાયદાના સંઘર્ષમા આવેલ બાળ કિશોરનો ગુનાહિત ઇતીહાસ :-

આ અગાઉ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે વાહન ચોરીના ગુન્હામાં પકડાયેલ છે.

## કામગીરી કરનાર અધિ/કર્મચારીઃ-

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર, તથા સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. જે.જે.રાણા તથા સર્વલન્સ સ્કોડના હે.કો ઇન્દ્રજીતસિંહ નવલસિંહ તથા પો.કો વાલજીભાઇ ભોપાભાઇ તથા પો.કો વાલજીભાઇ ભોપાભાઇ તથા અ.લોકરક્ષક રઘુવિરભાઇ જગુભાઇ તથા અ.લોકરક્ષક પ્રકુલભાઇ છેલાભાઇ તથા સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો જોડાયેલા હતા.



# પાસા અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

## પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-ર તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૯૮૧/૨૦૨૦ ધી પ્રોહી કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ નો પ્રોહીબીશન સબંધેનો ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે. પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૦૭૦/ ૨૦૨૦ તા.૧૫/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે તા.૧૬/૧૦/૨૦૨૦ ના કલાકઃ૧૯/૨૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૧૬/૧૦/૨૦૨૦

## આરોપીનું નામ:-

વિક્રમ કુમારસ્વામી કવન્ડર ઉ.વ.૨૯ ધંધોઃ-નોકરી રહે.એમ/૧૦૨,શ્રીનંદસીટી-૦૭ ન્યુ મણીનગર રામોલ અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી જે.આર.પટેલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦




## રાણીપ પોલીસ સ્ટેશન :

## પ્રોહીબીશન સબંધી ગુનો કરતા ઇસમની પાસા હેઠળ અટકાયત કરવા બાબત.

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ દ્વારા રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તાર માં પ્રોહીબીશનની પ્રવુત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોઇ જે સુચના આધારે અત્રેના પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહીની પ્રવુત્તી આચરતા પકડાયેલ ઇસમ હિરેન ઉર્ફે કાળીયો ઉમેશકુમાર ભટ્ટ ઉં.વ.૨૮ રહે.એ/૩૩ રાજીવપાર્ક સોસાયટી ,મણીબા સ્કુલની બાજુમા , કુષ્ણનગર,સૈજપુર, અમદાવાદશહેર નાઓને મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નંબર ક્રમાંક/ પીસીબી/ડીટીએન/પાસા/૧૦૭૭/૨૦૨૦ તા.૧૬/૧૦/૨૦૨૦ અન્વયે પાસા હેઠળ અટકાયત કરી તા-૧૬/૧૦/૨૦૨૦ ના કલાક ૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી જામનગર જેલ ખાતે અટકાયતમાં રહેવા સારુ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## કામગીરી કરનાર કર્મચારી

(૧) અ.હેડ કોન્સ છત્રસિંહ ફતેસિંહ બ.નં.૩૩૬૩
(૨) અ.પો.કો. શૈલેશકુમાર મહાદેવભાઇ બ.નં. ૯૭૫૪



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૭૬/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી ૧૫૩ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૭૭/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## નવજાત મૃત બાળકી મળી આવી :- સમાચાર યાદી નં.૧૭૭૮/૨૦૨૦

**નિકોલઃ** શારદાબેન હોસ્પિટલ N.I.C.U વોર્ડ ખાતે અધુરા સમયમાં પ્રસુતિ થયેલ બાળક દાખલ કરી બાળકના માતા-પિતા બાળકને ત્યજી નાસી ગયા હતા. જે બાળકનુ સારવાર દરમ્યાન તા.૧૫/૧૦/૨૦૨૦ રાતના ૯/૪૫ વાગે મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે બાળકના માતા-પિતા વિરૂધ્ધ ગુનો નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૭૭૯/૨૦૨૦

**આનંદનગરઃ** પ્રતિકકુમાર ઓમપ્રકાશ મિશ્રા (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ મેઘાણીનગર) એ તા.૧૬/૧૦/૨૦૨૦ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી આનંદકુમાર કાન્તીલાલ પટેલ (રહે. જુના ગામ રામજી મંદીર પાછળ, ખારોઘોડા, જુના ગમા સુરેન્દ્રનગર) એ “ઝુમકાર” એપ્લીકેશન દ્વારા કાર બુક કરાવી તા.૨૭/૦૯/૨૦૨૦ કલાક ૨/૦૦ વાગ્યા થી તા.૩૦/૦૯/૨૦૨૦ કલાક ૨/૦૦ વાગ્યા સુધી માટે આનંદનગર પ્રહલાદનગર મ્યુનિસિપલ ગાર્ડન નજીકથી પોલો કાર નંબર એમએચ ૪૩ બીપી ૫૬૪૧ ભાડે લઇ જઇ સમય મર્યાદામાં ગાડી પરત નહી કરતા પ્રતિકકુમારએ સંપર્ક કરતા આનંદકુમાર પટેલે ગોંડલ નજીક ગાડીનુ એક્સીડન્ટ થયેલાનુ જણાવ્યુ હતુ. જેથી તપાસ કરતા ગાડી ગોંડલ નજીક્થી મળી આવી હતી. જે ગાડીનુ એન્જીન,એ.સી.,બમ્ફર,મ્યુજીક સીસ્ટમ, બંને સાઇડના મીરર, પાછળની સીટ મળી કુલ કિમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- વસ્તુઓ કાઢી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.ચૌહાણ ચલાવે છે.

**ચાંદખેડાઃ** પ્રમોદદીપ જ્ઞાનેશ્વરપ્રસાદ તિવારી (રહે.દેવપ્રિયા બંગ્લોઝ વિભાગ-૩ મોટેરા) એ તા.૧૬/૧૦/૨૦૨૦ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી સુવાલાલ દેવારામ જાટ (રહે. ભોજપુરા ખુર્દ જોબનેર જયપુર રાજસ્થાન) લેબર કોન્ટ્રાક્ટર હોઈ પ્રમોદદીપ તિવારીએ મકાન બનાવવા કોન્ટ્રાક્ટ આપતા માહે ઓક્ટોબર/૨૦૧૮ માં ઓળખાણ થતા સુવાલાલ જાટ એ મકાનના કામ સિવાય પ્રમોદદીપ તિવારી પાસેથી હાથ ઉછીના રૂપિયા ૧૧,૦૦,૦૦૦/- લઈ આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**રામોલ** : મેહુલકુમાર લીલાધરભાઇ વંડીકર (ઉ.વ.૨૮)(રહે.શિવાનંદ બંગ્લોઝ અન્નપુર્ણા હોટલ સામે જશોદાનગર ક્રોસ રોડ) એ તા.૧૬/૧૦/૨૦૨૦ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓક્ટોબર/૨૦૧૯ થી માહે ઓક્ટૉબર/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી હર્ષદ કમલાકર પાટીલ (રહે. અબજીબાપા લેકવ્યુ એપાર્ટમેન્ટ વસ્ત્રાલ) એ મેહુલકુમારને ઇન્ડીગો એર કંપનીમાં નોકરી અપાવવાની લાલચ આપી વિશ્વાસમા લઇ ઓનલાઇન તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧૭,૦૦,૦૦૦/- મેળવી લઇ તેમજ સાહેદ રાહુલ પ્રકાશરાવ ખાપેકર પાસેથી રૂપિયા ૧,૫૦,૦૦૦/- અને ગીરીશભાઇ રાજુભાઇ પરાતે પાસેથી રૂપિયા ૭૮,૦૦૦/- મેળવી લઇ નોકરી નહી અપાવી તેમજ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૦/૨૦૨૦**

**વટવાઃ** કુર્શીદભાઇ રેહમનભાઇ શેખ (રહે. સદભાવનાનગર ચાર માળીયા વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૨૦૨૦ રાતના ૧૧/૦૦ થી તા.૧૬/૧૦/૨૦૨૦ કલાક ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોની કંપનીનો કેમેરો અને વીવો કંપનીનો મોબાઇલ ફોન મળી કિમત રૂપિયા ૪૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી વિજયરાજસિહ પ્રતાપસિહ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૭૮૧/૨૦૨૦**

**નિકોલઃ** ઇન્દ્રભવન રામધની મિશ્રા (રહે.ઇસ્કોન મંદીર હરે ક્રિષ્ના ગૌ શાળા અંદર કઠવાડા ગામ તા-દસ્કોઇ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૨૦૨૦ રાતના ૮/૩૦ થી તા.૧૬/૧૦/૨૦ કલાક ૩/૩૦ વાગ્યા દરમ્યાન ઇસ્કોન મંદીરના નવ નિર્મીત મંદીરના ખુલ્લા હોલમાંથી (૧) ચાંદીના લોટા નંગ-૪ કિમત રૂપિયા ૩૬૦૦/- (૨) પંચ ધાતુના છત્ર નંગ-૫ કિમત રૂપિયા ૫૦૦૦/- (૩) બગસરાનુ કવચ કિમત રૂપિયા ૨૦૦/- (૪) ત્રણ દાન પેટીમાંથી રોકડ રૂપિયા આશરે ૧૫,૩૦૦/- મળી કુલ રૂપિયા ૨૪,૧૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.સથવારા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૭૮૨/૨૦૨૦**

**ગાયકવાડ હવેલીઃ** જોયાબહેન સલીમભાઈ ખારચીવાલા (ઉ.વ.૧૭) (રહે. માતાવાળો ખાચો તાડની શેરી જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૦/૨૦૨૦ કલાક ૯/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ રાજપુત ચલાવે છે.

**ગોમતીપુરઃ** મહેન્દ્રભાઇ પાઉલભાઇ ક્રિશયન (ઉ.વ.૫૬) (રહે. સેન્ટ જોસેફ સ્કુલ સામે ધાબાવાળી ચાલી ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૦/૨૦૨૦ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાજના ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સતદેવસિહ બળવંતદાન ચલાવે છે.

**ઓઢવઃ** કિરણબહેન ડો/ઓ ભગવાનભાઇ વાઘેલા (ઉ.વ.૨૦) (રહે. મધુમાલતી આવાસ યોજના સિંગરવા ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૦/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

**રામોલઃ** (૧) દક્ષેશ ધનજીભાઇ પટેલ (રહે. પ્રકાશ ટેનામેન્ટ રીટાનગરની બાજુમાં વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૦/૨૦૨૦ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે રાધિકા સોસાયટીના નાકે પાનના ગલ્લાના ઓટલા ઉપર ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિદ્યાબહેન મુળાભાઈ ચલાવે છે.

**રામોલઃ (૨)** સંતોષ વા/ઓ મોહનભાઇ પંચાલ (ઉ.વ.૩૦) (રહે. ભગવતિનગર વંડર પોઇન્ટના ખાચામાં સુરેલીયા રોડ) એ બિમારીથી કંટાળી તા.૧૬/૧૦/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામાં છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી